# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-09-2024 Midday : 1.20 to 1.30
Day : Monday National News

## આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1) જમૈકાના પ્રધાનમંત્રી ડૉ. એન્ડ્રુ હૉલનેસ આજે ભારતની ચાર દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા
2) વિદેશમંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર વૉશિંગ્ટન ડીસીમાં અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન સાથે મુલાકાત કરશે.
3) સીબીઆઇએ વિશ્વભરમાં સાઇબર ક્રાઇમ નેટવર્કમાં સંડોવાયેલા 26 ગુનેગારોની ધરપકડ કરી.
4) નેપાળમાં વારસાદને કારણે પૂર અને ભૂસ્ખલનથી ભારે તારાજી- મૃત્યુઆંક વધીને 192 થયો – બિહારમાં 13 જિલ્લાઓને અસર
5) પ્રખ્યાત ફિલ્મ અભિનેતા મિથુન ચક્રવર્તીને સિનેમા ક્ષેત્રના સર્વોચ્ચ પુરસ્કાર દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરાશે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JAMAICA PM VISIT

જમૈકાના પ્રધાનમંત્રી ડૉ. એન્ડ્રુ હોલનેસ આજે ભારતની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ હવાઈ મથકે તેમનો આવકાર્યા હતા. શ્રી હોલનેસની ભારતની આ પ્રથમ મુલાકાત છે.

ડૉ હોલનેસ આવતીકાલે પ્રધાનમંત્રી શ્રી મોદી સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે અને રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરશે. તેઓ અન્ય મહાનુભાવો સાથે તથા વેપાર અને ઉદ્યોગ અગ્રણીઓ સાથે પણ વાતચીત કરશે. જમૈકાના પ્રધાનમંત્રીની આ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સહયોગ વધારતા કરાર ઉપર હસ્તાક્ષર થવાની શક્યતા છે.

## JAISHANKAR - US

વિદેશમંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર વૉશિંગ્ટન ડીસીમાં અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન સાથે મુલાકાત કરશે. બંને દેશો વચ્ચે યુક્રેન યુદ્ધ, પશ્ચિમ એશિયા સંકટ, વેપાર સહિતના દ્વીપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. ડૉ. જયશંકર ગઈકાલે વૉશિંગ્ટન ડીસી પહોંચ્યા હતા. તેઓ બાઇડન પ્રશાસનના અન્ય વરિષ્ઠ મંત્રીઓ અને અધિકારીઓ સાથે મુલાકાત કરશે.

આ ઉપરાંત અમેરિકામાં રાજદ્વારી બાબતોના વિચાર – મંચ અને નિષ્ણાતો સાથે સંવાદ કરશે. અગાઉ આ મહિનાની 21 તારીખે ડેલાવેરમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જો બાઇડન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓ વચ્ચેએ ક્વાડ શિખર સંમેલનમાં ભાગ લીધો હતો.

## J K POLLARRANGEMENT

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને છેલ્લાં તબક્કાના મતદાન માટે સલામતી સહિત તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રદેશમાં આવતીકાલે સાત જિલ્લાની ચાલીસ વિધાનસભા બેઠક પર મતદાન થશે. આમાંથી 16 બેઠક કાશ્મીર અને 24 બેઠક જમ્મુ વિભાગમાં છે. વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે પ્રચાર અભિયાન ગઈકાલે પૂર્ણ થયું હતું.

હવે આવતીકાલે 39 લાખ 18 હજારથી વધુ મતદારો 415 ઉમેદવારનું ભાવિ નક્કી કરશે. પ્રદેશમાં પહેલા તબક્કામાં સરેરાશ 61 ટકાથી વધુ અને બીજા

તબક્કામાં 56 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. આગામી આઠ ઑક્ટોબરે હરિયાણાની સાથે જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી માટેની પણ મતગણતરી થશે.

## CBI RAID

કેન્દ્રીય તપાસ સંસ્થા- સીબીઆઇએ વિશ્વભરમાં છેતરપિંડી પ્રવૃત્તિમાં સંડોવાયેલા અત્યંત સંગઠિત સાઇબર ક્રાઇમ નેટવર્કનાં 26 મહત્વનાં ગુનેગારોની ધરપકડ કરી છે. સીબીઆઇએ ટેકનોલોજી આધારિત ગુનાઇત નેટવર્કનો પર્દાફાશ કરવા વિવિધ શહેરોમાં 32 સ્થળોએ શોધ અભિયાન હાથ ધરીને આ આરોપીઓની ધરપકડ કરી છે.

એજન્સીએ જણાવ્યું હતું કે, આ ગુનેગારોમાં પૂણેનાં 10, હૈદરાબાદના 5 અને વિશાખાપટ્ટનમમાં 11નો સમાવેશ થાય છે. સીબીઆઇએ ઇલેક્ટ્રોનિક્સ સાધનો, મોબાઇલ ફોન, લેપટોપ, નાણાકીય માહિતી, કમ્યુનિકેશન રેકોર્ડ સહિત 950 ચીજો પણ જપ્ત કરી છે. ટીમને 58 લાખ રૂપિયા રોકડ, ત્રણ લક્ઝરી વાહનો અને લોકરની ચાવી પણ મળી આવી છે.

## PANCHAYAT- WORKSHOP

કેન્દ્રીય પંચાયતી રાજ રાજ્ય મંત્રી પ્રો.એસ.પી.સિંહ બઘેલે આજે નવી દિલ્હીમાં સબકી યોજના સબકા વિકાસ તરીકે જાણીતી લોક યોજના અભિયાનો ઉપર એક રાષ્ટ્રીય કાર્યશાળાનું ઉદ્ઘાટન કર્યું. આ વર્કશોપનો હેતુ અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અન્ય હિસ્સેદારોને ઉચ્ચ ગુણવત્તાવાળી અને અસરકારક પંચાયત વિકાસ યોજનાઓ તૈયાર કરવા માટે જરૂરી કુશળતા અને વ્યૂહરચનાથી સજ્જ કરવાનો છે.

આ પ્રસંગે પ્રો. સિંહે નાણાકીય વર્ષ 2025-26માટે પંચાયત વિકાસ યોજનાઓની તૈયારી માટે પીપલ્સ પ્લાન કેમ્પેઈન અંગેની પુસ્તિકાનું વિમોચન કર્યું

હતું. તેમણે વર્ષ 2024-25 ના રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનનો વાર્ષિક કાર્ય યોજનાનો અહેવાલ પણ બહાર પાડ્યો હતો.

અમારા સંવાદદાતાના જણાવ્યા પ્રમાણે વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો, રાજ્ય વિભાગોના પ્રતિનિધિઓ, તાલીમ સંસ્થાઓના ફેકલ્ટી સભ્યો અને પંચાયતના વિવિધ સ્તરોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ વર્કશોપમાં ભાગ લઈ રહ્યા છે.

## MAKE IN INDIA BRAP 2024

**મેક ઇન ઇન્ડિયા પહેલને વધુ મજબૂત કરવા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય બિઝનેસ રિફોર્મ્સ એક્શન પ્લાન્સ- BRAP 2024 રજૂ કરશે. એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું છે કે, BRAP ને કારણે દેશભરમાં વેપાર અંગે સરળ નિયમનકારી માળખું સ્થાપવામાં મદદ મળશે, જે વેપાર ધંધાને સુગમ બનાવશે.**

**મંત્રાલયે ઉમેર્યું હતું કે,** BRAP પ્રક્રિયાને સરળ બનાવશે, પૂર્તતાનો બોજ ઘટશે અને ડિજિટલ સોલ્યુશન્સ અમલી બનશે, જે મેક ઇન ઇન્ડિયાને પસંદગીનું વૈશ્વિક રોકાણ કેન્દ્ર બનાવશે. 2014-15માં BRAP શરૂ કરવામાં આવ્યો હતો અને તેણે દેશમાં વેપાર ઉદ્યોગને આકાર આપવામાં પરિવર્તનકારી બળ તરીકે કાર્ય કર્યું હતું.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## NEPAL FLOOD

નેપાળમાં વારસાદને કારણે પૂર અને ભૂસ્ખલનથી ભારે તારાજી સર્જાઈ છે. મૃત્યુઆંક વધીને 192 થયો છે, જ્યારે 50થી વધુ લોકો હજી પણ ગૂમ છે. અનારાધાર

વરસાદે કાઠમંડુ ખીણ સહિત દેશના ઘણા ખરાં ભાગોમાં રોજિંદા જીવનને થંભાવી દીધું છે, એકલા કાઠમંડુમાં 37 લોકોના મોત થયા છે, જ્યારે 40 લાખથી વધુ ઘરોને અસર થવા પામી છે. સ્થાનિક પ્રશાસનના જણાવ્યા પ્રમાણે ક્ષતિગ્રસ્ત શાળા અને યુનિવર્સિટીઓને તાત્કાલિક સમારકામની જરૂર છે, જેથી વિદ્યાર્થીઓ શાળા – કૉલેજોમાં પાછા ફરી શકે.

કાઠમંડુના કેટલાક વિસ્તારોમાં 12 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે, જેને કારણે બાગમતી નદી જોમખના સ્તરથી 7 ફૂટ ઉપર વહી રહી છે. કાઠમંડૂ મુખ્ય માર્ગ પર ભૂસ્ખલનને કારણે ફસાયેલી એક બસમાંથી 16 મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. નેપાળના હવામાન વિભાગ અનુસાર સ્થિતિ હવે સામાન્ય થઈ રહી છે.છતાં દેશના કેટલાક ભાગોમાં છૂટો છવાયો વરસાદ વરસી શકે છે.

આ તરફ નેપાળ અને ઉત્તરીય બિહારમાં ભારે વરસાદને પગલે બિહારમાં પણ પૂરની સ્થિતિ વકરી છે. ગંડક અને કોષી સહિતની નદીઓ ભયસ્થાનથી ઉપર વહી રહી છે. બિહારના 13 જિલ્લાઓને સૌથી વધુ અસર થવા પામી છે, પરિસ્થિતિને જોતા 11 જેટલી NDRFની ટુકડીઓ તૈનાત કરાઈ છે. તો કેન્દ્ર સરકારે પણ બિહારને શક્ય તમામ મદદ કરવાની બાહેંધરી પૂરી પાડી છે.

# MITHUN DADASAHEBPHALKE AWARD

પ્રખ્યાત ફિલ્મ અભિનેતા મિથુન ચક્રવર્તીને સિનેમા ક્ષેત્રના સર્વોચ્ચ પુરસ્કાર દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કરાશે. આવતા મહિને 70મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં તેમને આ પુરસ્કાર એનાયત કરાશે. માહિતી અને પ્રસારણમંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે જાહેરાત કરતા કહ્યું કે, ‘કોલકાતાના રસ્તાથી લઈ ફિલ્મ જગતની ઊંચાઈઓ સુધી, મિથુન ચક્રવર્તીની નોંધપાત્ર ફિલ્મી સફર અનેક પેઢીઓને પ્રેરણા પૂરી પાડે છે.’

શ્રી વૈષ્ણવે ઉંમેર્યું કે, 'દાદાસાહેબ ફાળકે પસંદગી જ્યૂરીએ ભારતીય સિનેમામાં મિથુન ચક્રવર્તીના નોંધપાત્ર યોગદાન માટે તેમને આ પુરસ્કાર આપવાનો નિર્ણય કર્યો છે.' પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ સહિતના મહાનુભાવોએ સોશિયલ મીડિયાના માધ્યમથી અભિનેતા મિથુન ચક્રવર્તીને અભિનંદન પાઠવ્યા છે. 16 જૂન 1950ના દિવસે પશ્ચિમ બંગાળના કોલકાતામાં જન્મેલા મિથુન ચક્રવર્તીએ વિવિધ ભાષાઓમાં અત્યારસુધી 350થી વધુ ફિલ્મમાં અભિનય કર્યો છે. તેમનેપહેલી જ ફિલ્મ "મૃગયા" માટે સર્વશ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય ફિલ્મપુરસ્કાર મળ્યો હતો.

પ્રધાનમંત્રીએ મિથુન ચક્રવર્તીને એક સાંસ્કૃતિક પ્રતિક ગણાવતા લખ્યું કે, પોતાના બહુમુખી પ્રતિભા માટે દરેક વર્ગના લોકો દ્વારા તેમની પ્રશંસા કરવામાં આવી છે.

## WFP FOOD ASSISTANCE

લેબનોનમાં ઇઝરાયેલ અને હિઝબુલ્લા વચ્ચેવધતા સંઘર્ષના કારણે અસરગ્રસ્ત 10 લાખ લોકોને ખાદ્ય સહાય ઉપલબ્ધ કરાવવા માટે આપાતકાલીન કાર્યવાહી શરૂ કરી છે. વિશ્વ ખાદ્ય કાર્યક્રમ દ્વારા જાહેર કરેલા નિવેદનમાં જણાવાયું છે કે, સંસ્થા તરફથી દેશભરના કેમ્પમાં રહેતા પરિવારોને તૈયાર ખાદ્યસામગ્રી, બ્રેડ, ગરમ ખોરાક અને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે સંસ્થાએ આંતરરાષ્ટ્રીય સમુદાયને માનવતાવાદી સહાય માટે સંસાધનો અને સમર્થન આપવા અપીલ કરી છે.

## ISRAEL ATTACK

ઇઝરાયેલે યમનમાં હૂતિઓના અનેક સ્થળ પર એક પછી એક હવાઈ હુમલો કરીને પશ્ચિમ એશિયામા ચાલતા સંઘર્ષમાં નવો મોરચો માંડ્યો છે. ઇઝરાયેલી સેનાએ આ હુમલાની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, 'તાજેતરના દિવસોમાં ઇરાન

સમર્થક હૂતિ ઉગ્રવાદીઓના મિસાઈલ હુમલાના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. હૂતિ ઉગ્રવાદીઓએ ગત 2 દિવસમાં ઇઝરાયેલ પર મિસાઈલ હુમલા કર્યા છે.'

ઇઝરાયેલી સલામતી દળોએ એ વાત પર ભાર આપ્યો કે, તેઓ પોતાના નાગરિકો સામેના દરેક પ્રકારના જોખમને પહોંચી વળવાની કાર્યવાહી કરવા પ્રતિબદ્ધ છે. ઇઝરાયેલે હૂતિઓ પર પ્રાદેશિક સ્થિરતાને અવગણવાનો આરોપ લગાવ્યો છે.